નવી બાબત સેવા વર્ષ ૨૦૧૮-૧૯ પુર્ણા
યોજનાની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૧૨૦૧૮/૧૫૦૯ /બ
સચિવાલય ગાંધીનગર
તા. ૧૯-૦૯-૨૦૧૮

વંચાણે:-

(૧) ભારત સરકારશ્રીનાં પત્ર ક્ર: F.No.11012/3/20127-O/O ADSABLA તા.૦૨-૦૪-૨૦૧૮.

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક નં:આઇસીડી/૧૧૨૦૧૮/૫૯/બ તા.૦૬-૦૪-૨૦૧૮

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક નં:આઈસીડી/૧૧૨૦૧૮/૬૦/બ તા.૦૩-૦૪-૨૦૧૮

(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક નં:આઈસીડી/૧૧૨૦૧૮/૬૧/બ તા.૦૩-૦૪-૨૦૧૮

(૫) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક નં:આઇસીડી/૧૧૨૦૧૮/૬૨/બ તા.૦૩-૦૪-૨૦૧૮

(૬) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાક નં:આઇસીડી/૧૧૨૦૧૮/૫૮૨/બ તા.૧૯-૦૯-૨૦૧૮

<u>આમુખ:</u>

ભારત સરકારશ્રીનાં "રાજીવ ગાંધી સ્કીમ ફોર એમ્પાવરમેન્ટ ઓફ એડોલેસન્ટ ગર્લ્સ" (સબલા) યોજના ગુજરાત રાજ્યનાં ૧૨ જીલ્લાનાં ૧૩૪ ઘટકમાં અમલમાં હતી. જેમાં ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી અને ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓને (શાળાએ જતી તેમજ ન જતી) પોષણ અને બિન-પોષણની સેવાઓ આપવામાં આવતી હતી.

રાજ્યના ૨૧ જિલ્લા અને ૨૦૨ ઘટકોમાં કિશોરી શક્તિ યોજના અમલમાં હતી. જેમાં કેન્દ્ર સરકાર બિન-પોષણ ઘટકો માટે રૂ.૧.૧૦ લાખ ૬૦:૪૦ મુજબ આપતા હતી. સંદર્ભ-૧ અન્વયે ભારત સરકારશ્રીના પત્ર ક્રમાંક F.No.11012/3/20127-O/O ADSABLA તા.૦૨/૦૪/૨૦૧૮ થી SAG યોજના રાજ્યના સર્વત્ર લાગુ પાડતાં કિશોરી શક્તિ યોજનાનું સંપૂર્ણ સ્થાન "સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ" (SAG) યોજનાએ લીધેલ છે.

ગુજરાત રાજયના સંદર્ભ – ૬ ના ઠરાવથી ૩૩ જીલ્લામાં ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરી માટે "સ્કીમ ફોર એડોલેસન્ટ" (SAG) અમલમાં મૂકેલ છે. આ યોજનામાં ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીને પોષણ અને બિન-પોષણ સેવાઓ આપવામાં આવશે.

રાજ્યની ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓ (શાળાએ જતી તેમજ ન જતી) માટે કોઇ યોજના અમલમાં ન હોઇ રાજ્યમાં કિશોરીઓને શિક્ષિત અને સક્ષમ કરવા અર્થે તેમજ તેઓ સ્વાવલંબી થવા સમર્થ બની શકે અને તેમનો સ્વ-વિકાસ, પોષણ અને આરોગ્યની સ્થિતિ સુધારવા તથા શાળાએ ના જનાર કિશોરીઓને કૌશલ્ય તાલીમના કોર્ષમાં સફળતાથી જોડવા, તેમના ઘરેલું અને જીવન કૌશલ્યોને સુધારવા, વર્તમાન જાહેર સેવાઓ જેવી કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પોસ્ટા ઓફિસ, બેંક, તથા પોલીસ સ્ટેશન વિશે માહિતી પુરી પાડવા જેવા હેતુને ધ્યાનમાં રાખી ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માં ગુજરાત રાજ્યના ૧૦૦% સ્ટેટ બર્ડનમાં રાજ્યનાં ૩૩ જીલ્લા તથા તમામ કોર્પોરેશન સહિતના વિસ્તારમાં ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓ (શાળાએ જતી તેમજ ન જતી) માટે સ્વતંત્ર યોજનાનો આરંભ કરવાનું સરકારશ્રીના વિચારણા હેઠળ હતું. આ યોજના અંતર્ગત ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓને (શાળાએ જતી તેમજ ન જતી) પોષણની લગતી સેવાઓ, પોષણ આરોગ્ય અને જીવન કૌશલ્ય શિક્ષણની માહીતી પૂરી પાડવાનાં હેતુસર પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રીના ૧૦૦% ફાળાથી ૧૫ થી ૧૮ વર્ષની તમામ (શાળાએ જતી તેમજ ના જતી) કિશોરીઓ માટે "પુર્ણા" **(Prevention of undernutrition and Reduction of Nutritional Anaemia among adolescent girls)** નામની યોજના વર્ષ ૧૮-૧૯થી અમલ કરવાનો રહેશે.

(૨) પુર્ણા યોજના અંતર્ગત ૧૫-૧૮ વર્ષની તમામ કિશોરીઓને (શાળાએ જતી તેમજ ન જતી) પૂરક પોષણ સેવા આપવાની રહેશે.

(૩) ૧૫-૧૮ વર્ષની તમામ કીશોરીઓને (શાળાએ જતી તેમજ ન જતી) દૈનિક રૂ.૯.૫૦/- લેખે પૂરક પોષણ આપવાનું રહેશે.

(૪) સરકારશ્રી દ્વારા મંગળ દિવસનો કરવામાં આવેલ ઠરાવને ધ્યાને લઇ પ્રતિ માસનાં ચોથા મંગળવારે પુર્ણા દિવસ તરીકે ઉજવવાનું ઠરાવવામાં આવેલ છે. જે મુજબ પુર્ણા દિવસની ઉજવણી માટે પ્રતિ માસ પ્રતિ ચોથા મંગળવારે પ્રતિ આંગણવાડી દીઠ રૂ.૧૪૦/- નો ખર્ચ કરવાનો રહેશે.

(૫) વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૫૮૨/બ તા.૧૯/૦૯/૨૦૧૮ થી પૂર્ણા દિવસની ઉજવણી માટે પ્રતિ માસ પ્રતિ ચોથા મંગળવારે રૂ.૧૪૦/- ના ખર્ચથી જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ "સ્કીમ ફોર એડોલેશન્ટ" યોજના અંતર્ગતના રૂ.૬૦/- ની જોગવાઇ ઉમેરતા પૂર્ણા દિવસ માટે પ્રતિ માસ પ્રતિ ચોથા મંગળવારે પ્રતિ આંગણવાડી દીઠ કુલ રૂ.૨૦૦/- ની જોગવાઇ થાય છે.

(૬) આ યોજના ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના છે. રાજ્ય સરકાર આ યોજના અંતર્ગત પોષણ અને પોષણ સિવાયની સેવાઓ માટે બજેટ ફાળવવામાં આવશે.

(૭) સંદર્ભ ૨ થી ૫ થી રાજ્યના ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી તેમજ ન જતી તમામ કિશોરીઓને પોષણ અને બીન-પોષણ સેવાઓ આપવા બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૮) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક આઈસીડી-૧૧૨૦૧૧-જીઓઆઇ.૫૪-બ તા.૦૨-૦૮-૨૦૧૧ થી રચવામાં આવેલ રાજ્યકક્ષા, જિલ્લા કક્ષા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએની સમિતીઓ આ યોજના માટે પણ મોનીટરીંગ મુલ્યાકંન અને દેખરેખની કામગીરી કરશે.

(૯) બિન-પોષણ અંગેની ગાઇડલાઇન કમિશ્નર કચેરી દ્વારા બહાર પાડવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૫. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૬. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સહિવાલય,ગાંધીનગર
૭. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૮. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
૯. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ
૧૦. પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇસીડીએસ તમામ
૧૧. પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહાનગરપાલિકા (અર્બન) તમામ
૧૨. સિલેક્ટ ફાઇલ